For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### યુનિયને 1 જુલાઈથી ભાવ વધારાનો નિર્ણય લીધો, મોંઘવારી-CNG-પેટ્રોલના ભાવ વધારાને ટાંક્યા

# રિક્ષા ભાડામાં ૨૫%થી ૩૫%નો વધારો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયન દ્વારા સવિનય કાનૂન ભંગ અંતર્ગત પ્રેસ નોટ જારી કરીને રીક્ષા ભાડામાં 1 જુલાઈથી આશરે 25% થી 35%નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. યુનિયને જણાવ્યું કે મોંઘવારી સતત વધી રહી છે અને સામે CNG ગેસ તથા પેટ્રોલના ભાવ, રીક્ષાના ભાવ અને મેઈન્ટેનન્સ ખર્ચમાં ધરખમ વધારો થયો છે.

શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયનના આગેવાન બિલાલ પરમારના જણાવ્યા મુજબ રાજ્ય સરકારને વારંવાર રજૂઆત કરવા છતાં તેમની માંગણીઓ પર ધ્યાન આપવામાં આવ્યું નથી. તેથી



છેવટે યુનિયને વડોદરા શહેરમાં રીક્ષા મુસાફરીના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. આજે રીક્ષા ચાલકોએ પ્લેકાર્ડ સાથે એકત્ર થઈ દેખાવો કર્યા હતા. નવા નિર્ણય મુજબ 1 જુલાઈથી હવેથી મીટર અને શટલથી મુસાફરી કરનાર મુસાફરે 25% થી 35% વધારે ભાડું ચૂકવવું પડશે. આ વધારો મુસાફરીના અંતર, પરિસ્થિતિ, મુસાફરોની સંખ્યા, સમય અને લગેજને આધારે રહેશે. યુનિયને જાહેર જનતા અને મુસાફરોને આ ફેરફારની નોંધ લેવા વિનંતી કરી છે અને રીક્ષા ચાલકોને સહયોગ આપવા અપીલ કરી છે. યુનિયને એકતા અમારી શક્તિ, અધિકાર અમારો લક્ષ્યના સૂત્ર સાથે સંગઠન મજબૂત, રીક્ષા ચાલક સુરક્ષિતનો નારો પણ આપ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે મોંઘવારી સતત વધી રહી છે. સીએનજી ગેસ અને પેટ્રોલનો ભાવ પરીક્ષા ના ભાવ અને મેન્ટેનન્સ સાથે ઘણા ભાવ માં વધારો થયો છે. રાજ્ય સરકારને રજૂઆત કરવા છતાં તેઓ દ્વારા અમારી રજૂઆત ઉપર ધ્યાન આપતી નહીં હોવાથી અમે યુનિયને વડોદરા શહેરમાં રીક્ષા મુસાફરીના ભાવમાં આ વધારો કર્યો છે.

### પઝેશન ન આપી છેતરપિંડી આચરી બિલ્ડર ફરાર!

# સિદ્ધેશ્વર પાર્થેશ્વર બિલ્ડરનું કરોડોનું કૌભાંડ, ૪૮૪ પરિવારો રઝળી પડ્યા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરા શહેરમાં વધુ એક બિલ્ડર દ્વારા સેંકડો પરિવારોની આજીવિકાની મૂડી હડપી લેવાનું મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. શહેરના કિશનવાડી અજબડી મિલ રોડ પર આવેલા 'સિદ્ધેશ્વર પાર્થેશ્વર' પ્રોજેક્ટના બિલ્ડરે આશરે ૪૮૪ જેટલા મધ્યમવર્ગીય પરિવારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની આક્રોશજનક વિગતો પ્રકાશમાં આવી છે. છેલ્લા પાંચ-પાંચ વર્ષથી પોતાના સપનાના ઘરનું પઝેશન મેળવવા માટે ધક્કા ખાઈ રહેલા પીડિત પરિવારો હવે ન્યાય માટે રસ્તા પર ઉતરી આવ્યા છે. ગ્રાહકોનો આક્ષેપ છે કે, બિલ્ડરે ઘર આપવાના બહાને કરોડો રૂપિયા ઉઘરાવી લીધા છે, પરંતુ હજુ સુધી કામ પૂરું કર્યું નથી. આ પ્રોજેક્ટ સાથે



સંકળાયેલી અન્ય એજન્સીઓના નાણાં પણ બિલ્ડરે ચૂકવ્યા ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

હાલમાં બિલ્ડર સામે ગુનો નોંધાયો હોવા છતાં તે પોલીસ પકડથી દૂર નાસતો ફરી રહ્યો છે. લોનના હપ્તા અને ભાડાના બેવડા બોજથી પરિવારો ત્રસ્ત બન્યા. ભોગ બનનાર પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. એક તરફ ઘર ખરીદવા માટે લીધેલી બેંક લોનના હપ્તા ચાલુ છે, તો બીજી તરફ હજુ સુધી પઝેશન ન મળવાને કારણે તેઓએ ભાડાના મકાનમાં રહેવું પડી રહ્યું છે. ન્યાયની આશા ગુમાવી ચૂકેલા પીડિત પરિવારોનો સંયમ ખૂટતા તેઓ મોટી સંખ્યામાં બિલ્ડરના ઘરે પણ પહોંચ્યા હતા, પરંતુ બિલ્ડર ફરાર હોવાનું જાણવા મળ્યું હતું. આખરે કંટાળેલા પરિવારોએ વડોદરા પોલીસ કમિશનર સમક્ષ લેખિતમાં ઉગ્ર રજૂઆત કરી ન્યાયની ગુહાર લગાવી છે.

### હજારો લિટર પીવાનું પાણી વેડફાયું

# કોઠી ચાર રસ્તા પાસે પાણીની લાઈનમાં લીકેજ, ફુવારા ઉડયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં ફરી એક વખત પાલિકાની બેદરકારી સામે આવી છે. કોઠી ચાર રસ્તા પાસે પીવાના પાણીની મુખ્ય લાઈનના વાલ્વમાં લીકેજ સર્જાતા પાણીના ફુવારા ઉડ્યા હતા. મોટી માત્રામાં પીવાનું પાણી રસ્તા પર વહી જતાં વેડફાટ થયો હતો. લીકેજના કારણે રસ્તા પરથી પસાર થતા નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. પાણીના જોરદાર પ્રવાહને લીધે વાહનચાલકો પણ પરેશાન થયા હતા. નજીકમાં દુકાન ધરાવતા વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા. એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં લોકોને અપૂરતા પ્રેશરથી અને દૂષિત પાણી મળવાની ફરિયાદો ઉઠી રહી છે, તેવામાં આજે મુખ્ય લાઈનમાં લીકેજ થતાં હજારો લિટર પીવાના પાણીનો વ્યય થયો હતો. પાણીની સમસ્યાથી ત્રસ્ત નાગરિકોમાં પાલિકાની કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ તાત્કાલિક પાલિકા તંત્રને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમારકામની કામગીરી શરૂ કરી હતી. પાણીનો વેડફાટ અટકાવવા અને કાયમી ઉકેલ લાવવા નાગરિકોએ માંગ કરી છે.




### વારંવાર બનતા બનાવોથી મજૂરોના જીવ પર જોખમ

# અણખોલમાં કન્સ્ટ્રક્શન સાઈટ પરથી પટકાતાં શ્રમિકનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરા નજીક આવેલા અણખોલ ગામમાં એક નિર્માણાધીન બિલ્ડિંગમાં કામ કરી રહેલા શ્રમિક યુવકનું ઊંચાઈ પરથી નીચે પટકાવાના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ગત રાત્રે બનેલી આ દુર્ઘટનાને પગલે કન્સ્ટ્રક્શન સાઈટ પર ભારે દોડધામ મચી ગઈ હતી અને અન્ય શ્રમિકોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

મૂળ મધ્યપ્રદેશના દેવગઢ જેતપુર તાલુકાના ગુરાહ ગામનો વતની ૩૩ વર્ષીય યુવક જ્ઞાનેન્દ્રસિંહ લાલબહાદુર અણખોલ ગામમાં ચાલી રહેલા એક બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન કામમાં મજૂરી કરતો હતો. ગત રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં તે બિલ્ડિંગના ત્રીજા માળે કામ કરી રહ્યો હતો અથવા ત્યાં હાજર હતો, તે દરમિયાન અચાનક તેનો પગ લપસતાં તે સીધો ત્રીજા માળેથી નીચે જમીન પર પટકાયો હતો. ત્રીજા માળેથી પટકાતાં જ્ઞાનેન્દ્રસિંહને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ મોકલી આપ્યો હતો અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનિય છે કે, વારંવાર કંન્સ્ટ્રક્શન સાઈટ પરથી મજૂરોના પડી જવાના બનાવો બની રહ્યાં છે છતાં તંત્ર યોગ્ય પગલા લેવામાં નિષ્ફળ ગયુ છે.

### બિનમોસમ પતંગની દોરીના કારણે સર્જાયેલી દુર્ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ રોષ

# ચેપી રોગ હોસ્પિટલ પાસે ગળામાં દોરી ભરાતાં બાઈકચાલક લોહીલુહાણ

**નવાપુરાના** ૩૪ વર્ષીય સુનિલભાઈ માવીને ઈજા થતાં સયાજી હોસ્પિટલ ખસેડાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરમાં અવારનવાર પ્રતિબંધિત કે રઝળતી પતંગની દોરીના કારણે વાહનચાલકો ભોગ બનતા હોવાની ઘટનાઓ સામે આવતી રહે છે, ત્યારે આજે વધુ એક આવી કાળઝાળ ઘટના સામે આવી છે. શહેરના નવાપુરા વિસ્તારમાં રહેતા એક ૩૪ વર્ષીય યુવક આજે સવારે પોતાના કામ અર્થે બાઈક લઈને નીકળ્યા હતા, તે દરમિયાન કારેલીબાગ ચેપી રોગની હોસ્પિટલ પાસે અચાનક ગળાના ભાગે પતંગની ઘાતક દોરી આવી જતાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. નવાપુરા ખાતે રહેતા ૩૪ વર્ષીય સુનિલભાઈ શંકરભાઈ માવી આજે સવારના સમયે પોતાની મોટરસાઈકલ લઈને કારેલીબાગ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. તેઓ જ્યારે કારેલીબાગ ચેપી રોગની હોસ્પિટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે રોડ પર અચાનક જ તેમના ગળાના ભાગે દોરો આવી ગયો હતો. ચાલુ બાઈકે ગળામાં દોરો આવી જતાં સુનિલભાઈ કશું સમજે તે પહેલાં જ ગળાના ભાગે ઊંડો ઘા પડી ગયો હતો અને તેઓ લોહીલુહાણ હાલતમાં બાઈક પરથી નીચે પટકાયા હતા. જેથી તેઓને ગળામાં, બંને ગાલ પર અને ઘુંટણમાં ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ગળાના ભાગેથી રક્તસ્ત્રાવ થઈ રહ્યો હોઈ, ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત સુનિલભાઈ માવીને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ યુવકની ગંભીરતા જોઈને તાત્કાલિક સારવાર શરૂ કરી દીધી હતી. બિનમોસમ પતંગની દોરીના કારણે સર્જાયેલી આ દુર્ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ રોષ વ્યાપી ગયો છે અને ચાલુ વાહને ગળામાં પટ્ટી કે સેફ્ટી ગાર્ડ બાંધવા અંગે જાગૃતિ લાવવાની માંગ ઉઠી છે.

### વડોદરાની ઓળખ પર સંકટના વાદળ ઘેરાયા

# 'મગર નગરી'માં ૧૧ માસમાં આઠ મગરના રહસ્યમય મોત

વડોદરા: 'મગર નગરી' તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત વડોદરા શહેરમાં વન્યજીવોની સુરક્ષા અને સંવર્ધન સામે ફરી એકવાર મોટા સવાલો ઊભા થયા છે. શહેરમાં મગરોના રહસ્યમય મોતનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો, જેના કારણે વન્યજીવ સૃષ્ટિમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સોમવારે વડોદરાની ફાસ્ટ ટ્રેક કોર્ટની પાછળના ભાગેથી એક વિશાળકાય મગર મૃત હાલતમાં મળી આવતા સ્થાનિક પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃત મગરના દેહને કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગના પ્રાથમિક અંદાજ મુજબ, આ મગર આશરે ૮ ફૂટ જેટલો લાંબો હતો. સૌથી વધુ ચિંતાજનક અને ચોંકાવનારી



બાબત એ છે કે, વડોદરા શહેરમાં છેલ્લા માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળાની અંદર જ મગરના મોતનો આ બીજો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આટલું જ નહીં, સૂત્રો પાસેથી મળતી સત્તાવાર માહિતી અનુસાર, છેલ્લા ૧૧ મહિનામાં વડોદરા અને તેની આસપાસના વિસ્તારોમાંથી કુલ ૮ મગરોના રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યા છે.

### ૨૬૦૦ મીટરમાંથી ૧૬૦૦ મીટરની લાઇન નંખાઇ ગઇ

# પશ્ચિમ વિસ્તારના ૨ લાખ લોકોને ડ્રેનેજની સમસ્યામાંથી રાહત મળશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરા મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોનમાં આવતા વોર્ડ નં. ૧૨ના રહીશો માટે રાહતના સમાચાર છે. શ્રેણિક પાર્ક સર્કલથી અકોટા-દાંડિયાબજાર બ્રીજ જંકશન, મુંજમહુડા અને શિવાજી સર્કલ થઈ અટલાદરા STP સુધી આવેલી વર્ષ ૨૦૦-૦૬ ની હયાત ૧૮૦૦ મીમી વ્યાસની આર.સી.સી. પાઈપ ડ્રેનેજ ગ્રેવિટી મુખ્ય લાઈનના રીહેબીલીટેશનની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ કામગીરી પૂર્ણ થતાં જ પશ્ચિમ વિસ્તારના આશરે ૨,૦૦,૦૦૦ જેટલા સ્થાનિક નાગરિકોને ડ્રેનેજ ચોકિંગ અને ભંગાણ સંબંધિત વર્ષો જૂની જટિલ સમસ્યાઓમાંથી કાયમી મુક્તિ મળશે. આ મુખ્ય ડ્રેનેજ લાઈન દ્વારા ગોરવા, અલકાપુરી, બીપીસી રોડ, અકોટા, જેતલપુર, વડીવાડી અને કાલાઘોડા જેવા મહત્વના વિસ્તારોના એ.પી. એસ. તેમજ આજુબાજુના કેચમેન્ટ એરિયાના સુવેજનું વહન થાય છે. છેલ્લા કેટલાક સમયમાં આ લાઈન પર આશરે ૨૫ જેટલા મોટા ભંગાણો પડ્યા હતા. આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માટે પાલિકા દ્વારા પરંપરાગત પદ્ધતિઓ કે માઈક્રોટનલીંગના સ્થાને વધુ કાર્યક્ષમ અને આધુનિક GRP (Glass Reinforced Plastic) પાઈપ ટેકનોલોજી પસંદ કરવામાં આવી છે. આ ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી રસ્તાઓ તોડવા પડતા નથી અને શહેરનો વાહનવ્યવહાર પણ સુચારુ રૂપે ચાલુ રાખી શકાય છે. આ ભગીરથ પ્રોજેક્ટ માટે સરકાર તરફથી મળનાર જીયુડીએમની સ્પેશીયલ સ્વર્ણિમ ગ્રાંટ અથવા ડિઝાસ્ટર પૂર રાહત ગ્રાંટ અંતર્ગત ૭૯.૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

### શિક્ષણનું મહાઅભિયાન | હજુ પણ 1,583 જેટલા વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનું બાકી

# ૨,૮૭૬ ડ્રોપઆઉટ વિદ્યાર્થીની શાળામાં ઘરવાપસી

**૧૯ ટીમોના** ઘર-ઘર સંપર્કથી મળી સફળતા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.15

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ડ્રોપઆઉટ થયેલા વિદ્યાર્થીઓને ફરીથી શિક્ષણની મુખ્ય ધારા સાથે જોડવા વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ હાથ ધરેલા વિશેષ અભિયાનને મોટી સફળતા મળી છે. અત્યાર સુધીમાં 2,876 વિદ્યાર્થીઓની શિક્ષણ યાત્રા ફરી શરૂ થઈ છે. વિવિધ કારણોસર ભણતર છોડીને બેઠેલા અથવા શિક્ષણ યાત્રા વચ્ચે જ અટકાવી દીધેલા કુલ 16,774 વિદ્યાર્થીઓને શોધી તેમને ફરી શાળાએ લાવવા માટે આ ડ્રાઈવ શરૂ કરાઈ હતી. આ માટે શહેરમાં 19 અલગ-અલગ ટીમો બનાવી ઘર-ઘર સંપર્ક કરીને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને શિક્ષણનું



મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે. શિક્ષણ સમિતિના શાસનાધિકારી વિપુલ ભરતીયાએ જણાવ્યું કે 2,876 વિદ્યાર્થીઓએ પુનઃ પ્રવેશ મેળવ્યો છે, જ્યારે હજુ પણ 1,583 જેટલા વિદ્યાર્થીઓ સુધી પહોંચવાનું બાકી છે. આગામી 10 દિવસમાં બાકી રહેલા વિદ્યાર્થીઓને પણ શાળામાં જોડવા માટે સઘન પ્રયાસો કરવામાં આવશે. સમિતિ દ્વારા જણાવ્યું કે, જે વિદ્યાર્થીઓ ફરીથી ભણતર તરફ વળ્યા છે તે સમગ્ર સમાજ માટે ખુશીની વાત છે. શિક્ષણ એ બાળકના ભવિષ્યનું પાયાનું સાધન છે અને કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સમિતિ સતત કાર્યરત છે. વડોદરામાં ચાલી રહેલા આ અભિયાનને કારણે અનેક બાળકોના અધૂરા રહેલા સપનાઓને ફરી પાંખો મળી રહી છે. શિક્ષણ સમિતિના પ્રયાસોથી વધુને વધુ વિદ્યાર્થીઓ શાળામાં પરત ફરે અને તેમના ભવિષ્યને નવી દિશા મળે તેવી આશા વ્યક્ત કરાઈ છે.


## રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન



**"માનવતા એજ સાચો ધર્મ છે"** એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમ**ને વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

### રેડ ક્રોસ-અમદાવાદ

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્ચુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્ચુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્ચુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

### રેડ ક્રોસ - ગુજરાત

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઈનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન

છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board, Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.